શ્રી નવીન

સરસ્વતિ-ચંદ્ર

ત્રિઅંકી નાટકના ગાયનો

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી સુરત દેશી નાટક કંપની.

આવૃત્તિ ૧ લી   પ્રત ૨૦૦૦

સંવત ૧૯૬૫   સને ૧૯ ૯

* * *

મૂલ્ય ૦—૨—૦

સ્વદેશ બન્ધુ છાપખાનામાં માલેક ઠા. હેમચંદ જસરાજે છાપ્યું

શ્રી નવીન

સરસ્વતિ-ચંદ્ર

ત્રિઅંકી નાટકના ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી સુરત દેશી નાટક કંપની.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦

દેશ બન્ધુ છાપખાનાના માલેક દેવચંદ જસરાજે છાપ્યું.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

કીંમત ૦-૨-૦

શ્રી

સરસ્વતિ-ચંદ્રના નાટકનો

સંક્ષીપ્ત સાર.

મંગળાચરણ-સુત્રધાર અને નટીઓ—

પ્રવેશ ૧ લો—અભયનગરના રાજા શાન્તસીંહનું શીકારે નીકળવું બાદ શાંન્તીનો મેળાપ. શાન્તીની માગણીનો ઇનકાર શાંન્તીનું અદ્રસ્ય રાજાની ગમગીની.

પ્રવેશ ૨ જો—ખેમલાનું જનાવરના વેષમાં નીકળવું બાદ રૂપાળીનું નીકળવું દાદીમા સાથે પરણવાની હઠ હીરાચંદ શેઠે દાદીમા સાથે પરણાવવા વીવાહનું ગીત.

પ્રવેશ ૩ જો—કીશોરીને શાંન્તસીંહ વચ્ચે પ્રેમ વિનોદ રાજ્ય ગુગૃકા હીરાજાનનું ગાયન.

પ્રવેશ ૪ થો—પેમલા હજામ તથા ખેમલા દરજીનો મેળાપ મિત્ર વચ્ચે હાસ્ય વિનોદ.

પ્રવેશ ૫ મો—શાંન્તસીંહની કચેરી દસોંદીનું આવવું રાજ્ય તરફથી સરપાવ. નાચ-આનંદ.

પ્રવેશ ૬ ઠો—રૂપાળી તથા જમાદારનો મેળાપ જમાદારને કીશોરીના પ્રેમમાં ફસાવવા રૂપાળીનો વિચાર બન્ને વચ્ચે પ્રેમવાત.

પ્રવેશ ૭મો—સરસ્વતીતથા તેનીસખી કાન્તા-કંચનવિગેરેની વાતચિતા

પ્રવેશ ૮મો—હીરાચંદને ઘેર પેમલાનું હજામત કરવા આવવું શેઠના તારના સમાચારસાંભળી વેપાર કરવાનો પેમલાનો દ્રઢનિશ્ચય.

પ્રવેશ ૯ મો—ચંદ્રના પ્રેમમાં કીશોરી ચંદ્રનું આવવુ કીશોરીની પ્રેમ માગણી ચંદ્રનો ધિક્કાર કીશોરી સ્ત્રી ચરીત્ર કરી બેશુદ્ધ કરી શાંન્તસીંહને બોલાવવા શાંન્તસીંહનુ આવવું ચંદ્ર પર ગુસ્સો ચદ્રને મારવાનો હુકમ.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—મારવા કાઢેલા ચંદ્રની અફસોશી મારાઓ ઉપર ઉપર ગુસ્સો મારાઓનું નાશી જવુ ચંદ્રનું મહાદેવના દેવલ ના ઓટલાપર વિશ્રાનતી લેતા નિદ્રાવશ થવું શીવ પાર્વતિ વચ્ચે તકરાર મેઘદુત પાસે સરસ્વતિને ઉપડાવી મંગાવવી સરસ્વતિ તથા ચંદ્રનો પરસ્પર પ્રેમ શીવ પારવતિનું અંતર ધ્યાન થવું.

પ્રવેશ ૨ જો—રાજલીનું નીકળવું પેમલાનું આવવુ વેપાર કર વાની વાત કરવા બન્નેનું હર્ષમાં ફુલાવું.

પ્રવેશ ૩ જો—સરસ્વતિના પ્રેમમાં મસ્તચંદ્રનું આવવું ભુપસિંહ રાજાની સીપાઇઓએ પકડી લઇ જવું.

પ્રવેશ ૪ થો—ભૂપસિંહનો દરબાર ચંદ્રને દાખલ કરવો ચંદ્રને કેદની સજા નાચરંગ.

પ્રવેશ ૫ મો—સરસ્વતિ સખીઓ સાથે ગરબો ચંદ્ર નહીં જડ યાના સમાચાર સાંભળી સરસ્વતિની ગભરામણી.

પ્રવેશ ૬ ઠો રૂપાળી તથા જમાદાર વચ્ચે વાતચિત જમાદારને સ્ત્રીના પોશાકમાં કીશોરી પાસે રૂપાળીએ લઇ જવો.

પ્રવેશ ૭ મો— કીશોરી પાસે જમાદારનુ સ્ત્રી વેશ માં રૂપાળી સાથે આવવું કિશોરી સાથે વાતચિત પપંચથી શાંન્તસીંહને મારવા વિચાર કરી જમાદારનું જવું શાંન્તસીંહ નું આવવું કીશોરી સાથે પ્રેમવિનોદ.

પ્રવેશ ૮ મો—સરસ્વતિ જોગન વેશમાં ચંદ્રની શોધમાં તેની દાસી કાન્તાએ ચંદ્રના ખબર આપતાં ખુશી થઇ ચંદ્રને કેદમાંથી મુક્ત કરાવવા જવું.

પ્રવેશ ૯ મો—હીરાચંદના ઘરમાં ચોરનું આવવું યુકિત કરી ચોરને બાંધવો પોલીસને સોંપી દેવો.

પ્રવેશ ૧૦ મો—પ્હાડસિંહને ગુણસુંદરીએ સુરસ્વતિ ગુમ થયાના સમાચાર આપવા પ્હાડસિંહની દીલગીરી સરસ્વતિ ને શોધવા જવા નિશ્રય.

પ્રવેશ ૧૧ મો—કેદી ચંદ્રનું સરસ્વતિ માટે ગમગીની જોગન ના વેશમાં સરસ્વતિનું આવતું કેટલીક વાતચિત જેલરનું આવવું સરસ્વતિ પાસે પ્રેમ માગણી ઈન્કાર જેલરનો બળાત્કાર સરસ્વતિનો પોકાર સરસ્વતિ તરીકે જાહેર થતાં ચંદ્રનું આવી જેલરને ઠાર મારવો. બન્નેનું ચાલ્યા જવું રાજાનું આવવું ચદ્રને નહીં જોતાં ગુસ્સો જેલના પાછળ જવુ નદીમાં ચદ્ર તથા સરસ્વતિને હોડીમાં જોવા રાજાની પીસ્તોલથી હોડી તુટી બન્નેનું ડુબવું પડતાંપડતાં ચંદ્રની પીસ્તોલ વાગવાથી રાજાનું મરણ.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—નદી કાંઠે માછીઓનું આવવું કેટલીક વાતચિત બાદ જાળ નાંખતી જાળમાં ચંદ્રનું આવવું તેને લઇ માછીઓનું જવુ સરસ્વતિને શોધવા નીકળેલ પ્હાડસીંહનુ જનસુસના વેશમાં આવવુ તણાતી સરસ્વતિને પોતાના હોડીમાં લઇ લેવી.

પ્રવેશ ૨ જો—જમાદાર તથા દાસીનું નીકળવું જમાદારે કાગળ તથા ગોળીઓ આપી જવુ શાન્તસીંહનુ નીકળવું પત્ર ઝુટાવી વાંચવો ગુસ્સો તથા પોતાના ચંદ્ર માટે અફશોષ રૂપાળીનુ આવવું કાંશોરીનું પોગળ ખુલ્લું થઇ જવું રૂપાળીને કેદનો હુકમ કરી શાન્તસીંહનું જવું.

પ્રવેશ ૩ જો—માછીના ધરમાં પ્રભુ ભજન ચંદ્રની ઘેલછા માછીની દયા સરસ્વતિના ખબર કહેવા ચંદ્ર માછીની રજા લઇ સરસ્વતિની શોધ કરવા જવા તઇયાર થવું.

પ્રવેશ ૪થો—જોગનવેશમાં સરસ્વતિ ચંદ્રના વિચારમાં પ્હાડસિંહનુ આવવું યોગીની પ્રત્યે પ્રેમ ગાંગણી યોગીની સવાલ પુછી ન જવાબ દેવાતાં છુટા શબ્દ ચાલ્યા જવું ॥

પ્રવેશ ૫ મો—કાશોરી શાંન્તસીંહનું આવવું કેટલીક વાતચીત કોશોરીપર ગુસ્સો ગોળી તથા કાગળ આપવો જમાદારને પકડી મંગાવવો ધીટકાર આપી ઠાર મારવો કીશોરીનો પસ્તાવો આપઘાત કંશોરીના આપઘાતથી શાંન્તસિંહની દીલગીરી પ્રાણ કહેતા તઇયાર થવું આકાશવાણી શાંન્તસીંહની એ શુદ્ધ,

પ્રવેશ ૬ ઠો—પેમલા હજામની હજમીના તથા હજાનીયા પાસે કુધરાણી બન્નેનો ગાંડો જવાબ પેમલાની દીલગીરી.

પ્રવેશ ૭ મો—સરસ્વતિના પ્રેમમાં ચંદ્રનું નીકળવું ધેલછાગાંને ઘેલછામાં ભટકવું પેમલાનું આવવું તેને તેના દોસ્ત એમ લાદરજીએ તેની રાજલા મુવાના સમાચાર કહેતા પેમાની દીલગીરી.

પ્રવેશ ૮ મો—પરમેશ્વરને ઠપકો દેતાં ચપકનું નીકળવું તેના ધણી એમચંદનું આવવું મુરખાની મુરખાઇ ચંપકની ગમગીની હીરાચંદ તથા પેમલા હજામનો મેળાપ હજામને ઠપકો

પ્રવેશ ૯ મો—શાંન્તસીંહની કચેરી બહાર ચંદ્રનો પોકાર સાંભળી શાંન્તસીંહે અંદર પ્રવેશ કરાવવો ચંદ્રનુ આવવું કેટલીક વાતચીત બાદ યોગીનીના વેશમાં સરસ્વતિનો પોકાર તેને પણ અંદર દાખલ કરવી સરસ્વતિનો સવાલ ચંદ્રએ જવાબ આપવો બન્નેનું સરસ્વતિ ચંદ્ર તરીકે જાહેર થવું શાંતસીંહની ખુશાલી જાસુસ વેશમાં ઉભેલ પ્હાડસીંહનુ એ શુધ્ધ થવું સરસ્વતિ આશનાવાશના કરી કહાડવો પ્હાડ તરીકે જાહેર થવું તમામની ખુશાલી શાંન્તસિંહ તથા પ્હાડસિંહનો યોગી થવા વિચાર શાંન્તસીંહે ચંદ્રને રાજ્યાભિષેક પ્હાડસીંહ પોતાની પુત્રીનું કન્યાદાન દઇ પોતાનુ રાજ્ય પણ ચંદ્રસિંહને આપવું. ઈ. આનંદ

પુરૂષ પાત્રો.

શાંન્તસિંહ........................અભયનગરનો રાજા
ચંદ્રસિંહ........................શાંન્તસીંહનો ભાઈ
ભુપસિંહ........................રાજા
પ્હાડસીંહ........................સરસ્વતિનો પિતા
વિદ્યાપ્રસાદ દત્ત........................પંડિત
હીરાચંદ........................વાણીઓ
ખેમચંદ........................હીરાચંદનો છોકરો
ખેમલો........................દરજી
પેમલો........................હજામ
જમાદાર........................શાંન્તસીંહનો નોકર

સ્ત્રી પાત્રો.

સરસ્વતિ........................પ્હાડસીંહની પુત્રી ચંદ્રની સ્ત્રી
ગુણસુંદરી........................પ્હાડસીંહની સ્ત્રી
શાંન્તી........................દેવી
કીશોરી........................શાંન્તસિંહની રાણી
રૂપાળી........................હીરાચંદની સ્ત્રી
રાજલી........................પેમલાની સ્ત્રી
કાન્તા........................ } સરસ્વતિની સખીઓ
કંચન........................ }
ચંપક........................ખેમચંદની સ્ત્રી

ધનકોર, પ્રધાન, દસોદી, મારાઓ, મેઘદુત, દાસી, ચોર, સીપાઇ, જેલર, ભીમલો, કાળીયો, ગીગલો ખવાસી, લગનીયો, હજમીયો, ડોશી, ચોપદાર, કંચનીઓ વગેરે વગેરે

સરસ્વતિ-ચંદ્રના નાટકના ગાયનો
મંગળાચરણ.

સુત્રધાર— ૧

રટું હું તુજ નામ પ્રેમ
લેજોરે સુધારી ગણપત મનથી-રટું.
દાતાર ઉગારી વીનતીએ મારી
શીવ શંભુ બાળ શુભ મતિ આલ
શેક સુંત કાપ હમારા સંતાપ
નમું જોડી હથ—રટું.

નટીઓ— ૨

કષ્ટ કાપ હમારારે, શીવ કેરા બાળ
કરો તમે પ્રભુ સહાય હમારીરે
ધરો તમે શંભુ બાંહ્ય મોરારીરે
તમો કષ્ટ કાપો દુઃખને ઉથાપો
શુભ મતિ આપો સર્વ મળી દેવો—કષ્ટ-

શાંન્તસિંહ— ૩

કેવા અજાણ રાનમાં આવી ચઢયો
હંસારી પશુ પ્રાણુ લેવા
અરે કેશરી કયાં સુધી દોડી જાય
જો હુ કરું તને ઠાર, કાળ આવ્યો તારો—કેવા૦

૪

બધા—લગન લાડીલા વરના લગ્નરે આવ્યા
હઠને હઠીલે દાદીમાને પરણાવ્યા
ખેમચંદ—દાદીમા લાડી અને વરરાજા ફકકડ
સામુ જો બોલે મારા મારું હું થપ્પડ

હીરાચંદ—રંગ ખેમલા દીકરા તેં નાગ રાખ્યું મારૂં
કેજો સર્વે સાચુ ભાઇઓ જગમાં જોડું ન્યારૂં
ડોસી—દેખતી આંખે જુઓ દીવા પાછળ અંધારૂં
પરણુ તારી માને રોયા મોઢું કરી કાળું
હીરાચંદ—(આ ગીત ગાસો સારૂં તો ગળશે ખારક નકર
પછી નહીં આપે મારા ટપરક પાડેખ)
બધા—ફુલડે વધાવો વરને મોતીડે વધાવો
આ વર વહુનું જોડું અમ્મર જામજોરે—લગન૦

ગુણકા— ૫

દુનીયા દો દીનકી ફના હે તું જાંન
માન બે ધ્યાન, નાદાન તું જાન–દુનીયા
કહું કયા રંગ, ગુલીસ્તાકા ખીલા હય,
ગુલે રંગી પસે દીલદાર આયા હય.
દરેઅક દશમેં તુહી, બજા તુહી, સબમેં તુહી
હરિફના સબતી જગ તુહય બકા જાન—દુનીયા૦

ખેમલા— ૬

વાહરે પેમલા ખરો દોસ્ત મારો,
આતી જા બચ્ચા.
પેમલા—વાહરે પેમાભાઇ શું તારી ખુબી
કાઢી ગજ કાતર ને સામો થા તું તો બચ્ચા—વાહરે
ખેમલા—જાન જીગરનો મિત્ર મારો
ખુચો કરવા મુજને ધાર્યો,
દી ઉડી ગયો અલ્યા તારો. જા. જા. જા—વાહરે

કંચનીઓ— ૭

નૃપ જય જગે થાઓ
પુરમાંહી પ્રજાપ્રિતી
સખી સાથ રંગે આજ કરો નાચ ભલીભાત
ધર્મ રાજ શીર આ તાજ
સદા અમર રહો મહારાજ
આનંદ ઉરમાં અમને થાય
અવિચળ રહો નીસદીન તમો રાય
જય જય ગાઓ મોતીડે વધાવો
મનને રીઝાવો ગુણુ સૌ ગાવો—નૃપ જય૦

વિદ્યાપ્રસાદદત્ત— ૮

દુ:ખી સબ દુનીયા હરી ભજન બીન
રાજા છે દુ:ખી પ્રજા છે—દુ;ખી
સુખીયા સસાર મેં સંતોને સાધુ
દુ:ખીયા સારા જગ રાજાજી સુણો કાન-દુ:ખી૦

૯

જમાદાર—પડા હું મારા તુજ ગુલ બદનકા
તુજ ગુલ બદનકારે વેસી ગતનકા—પડા
ઝંઝટ છોડો અબ દીલ ઝેડો
રૂપાળી—વારી જાઉં પ્રિય પ્રાણુ હું મારા-પડા૦
જમાદાર—સાદી મચાવો, ખુશીયાં મનાવો.
રૂપાળી—દાસી થાઉં કહો વિચાર તમારો-પડા૦

જમાદાર— ૧૦

મેં જાકે ઉડાઉં રંગીલીસે મોજ

મહારાજા કા નામ સુનકે ચઢ આતી તપ—મેં જાકે૦

ચલજાઉં, ટપજાઉં, એસા દીલ હોતા હય.

રૂપાળીકો સંગ લેકે ચાલ જાઉં અબ,

ચલ અબ જાકે કરૂ મેં બીચાર-મેં જાકે૦

સખીઓ— ૧૧

વારે વારે ચતુરા ચતુરાઇ જાણી બો.

બોલી બોલે શું તું જાણું.

સરસ્વતિ—અલી જાને ભલી છકે સાની ઘણી

હજી છું અજાણી, નથી પ્રેમ ભણી—વારે૦

સખીઓ—વારે ભણી ગણીબા, નવી વિદ્યા શીખી આ.

સરસ્વતિ—બહુ બોલી બાળોના, હસી આળ આલો ના.

સખીઓ—મન ભાવે ને મુંડી હલાવે.

સરસ્વતિ—બહુ સાને તું બોલી બનાવે—વારેવારે.

પેમલો— ૧૨

શેઠ બનાવાના સૌથી ન્યારા.

કીસમત મારા હવે ફરવાના

તમે શેઠ જોઇ રાજા હાં હાં

અકકડ થઇ ફકકડ ફરશે જન સો સો સલામ ભરશે

હા હા હા હા હા હા—શેઠ બનવાના

રંગ રાગ ઉડે બસ દામ મળે

આ મું રાગ કરેરે હવે તમે શેઠ જોઇ રાજા-શેઠ૦

ઠીંગોરી— ૧૩

શશિ વર્યો તું તો આજ મારા મનગે
કરૂં વહાલો પ્યારો લલ આવીને અંતરે માલ
મુખડું તારૂં નીહાળી બની છું ઘેલી હું
ચતુર ચંદ્ર પ્યારા—શશિ૦

ચંદ્રસિંહ— ૧૪

વધ્યું પરીબળ ખગ અપાર જગમાં
મકળને દુઃખ અપાર જગમાં
ભ્રષ્ઠાં કેરા સંગે બુદ્ધી નાઠી
બોલો ને વિચારી તમો બંધું
હું છું અપરાધી. વધ્યું.

અંક બીજો.

ચંદ્રસિંહ— ૧૫

કર્મરાય તારા અજબ તમાસા
આ શી ગતિ થઈ મારી—કર્મ૦
કેઇ દીન ચાકર કોઈ દીન ઠાકર
એક દીન ભાખર સાંસાં
વિના વાંકે હું માર્યો જાઉં—કર્મ૦

રાજલી— ૧૬

ધીરા ધીરા ચાલો મારાજ ચાલો છટાથી રંગીલા

જમલો—(હેં હું રંગીલો)

રાજલી—(હા રંગીલા)

જમલો—મળી રંગીલી પ્યારી રસીલી—ધીરા૦

રાજશ્રી—આવો અલબેલા રંગે રીઝાવો

પેમલો—પ્યારા પ્રેમાને પ્રેમે રમાડો

રાજશ્રી—અહા જાઓ

પેમલો—ન લોભાવો

શેભે પેમલો પેગલી રસીલી

રાજશ્રી—ધીરા૦

ચંદ્રસિંહ— ૧૭

સરસ્વતિ તું વ્હાલી કયાંરે તજી ગઇ

શોધું જંગલ હું પ્યારી

વ્હાલી પ્રાણ મારી

પ્હાડ જોઉં જંગલ ફુલવાડી

શોધું નદી ખંડી

પ્રાણ પ્યારી વ્હાલી મારી

ચિત્ત હરીરે ગઇ—સરસ્વતિ૦

ગરબો—૧૮

જોઇ રજની રલીયાગણી આજે બાળપણું સાંભર્યું સાહેલી

હવે તો ફંદે ફસાણી મારે હાથે—બાળપણુ૦

એ એ એ રમતી નાની હતી નખ જેવડી

એ એ એ જગતી સાટાને છુણી શેવડી

હવે તો થઇને ફરૂંછું હું તો ઘેલી પ્રિતમવાસે વેલી-બાળ૦

(સાખી)

ભોળી હું છું ભામની ક્રોધી મારા કંથ

ઝેર અજાણે પી ગઇ ન્યારો પ્રમનો પંથ

સુની સુની સેજડલી દેખાય, પીયું વીના મંદીર ખાવા ધાય
વ્હાલા વીનઃ અંતર બળે લ્હાય
પ્રિતમ સદા પડયા પરદેશમાં ભલે પ્રિતમ તમે
વાલા મારા અંતરના આધાર
રીસે બળી બેલી રહી છું નાર કહું પણ ખમા ખમા ભરથાર
શાણા આવોને હવે થઈ ઘણી ખમા ખમા પ્રીતમ ખમા

(સાખી)

અનેક સંદેશા મોકલ્યા પત્ર લખ્યા દશ વીશ
મનની આશા મન મહી આતે કેવા રીત
મુજને ઘેલી કીધી તમે સાહીબા, ચોરી ચાલ્યા વસ્યા જઈ
પરદેશ
હૈયાના હીરા મારા નણદીના વીરા પ્યારા
દોષ નથી દેતી તમને કર્મનો છે વાંક મારા
કયાં જઇને દુખ કહીએ, ઉદાસી રહીએ
ઘેલી કીધી તમે સાહીબા—બાળપણું૦

૧૯

જમાદાર—અલબેલી કયસી ચાલ ચાલુ મતવાલી દીલજાની
રૂપાળી—ઓહો
જમાદાર—મીલેરાની
રૂપાળી—હાં હાં—અલબેલી
જમાદાર—ચલતે ચાલતો સીખલાવો
રૂપાળી—જરૂર હાં
જમાદાર—જરા નખરે બતલાવો

રૂપાળી—નવી ફેસનગાં

જમાદાર—દીલભર દીલજાનીસેજા મીલવાહોં

રૂપાળી—(પણ હવે જરા નખરેથી ચાલસો કે)

જમાદાર (અરે પ્યારીયેવારીમે કયસી ખુવારી નખરેણી કરને પડે ગે

રૂપાળી—(વારૂ ત્યારે કરો તો નખરા જોઉ તો ખરી)

જમાદાર—અરે પ્યારી તું કયું ગભરાતી હે વોતો એક જનતકા
મ ગ્લીસ રચાહુવા

(તુગને બતાય ઝટ કે નખરે આયે ચટ)

(સાખી)

જમાદાર- સુરત આપની શું બની જેસે દુજો કામ
જોડીસે જોડી મીલી હોગા જગમે નામ

રૂપાળી—વ્હાલા સાથે ચાલો મારી આયો લ્હાવો લઇએ
પ્રિતિ રીતી તણી અતી દાસ-દાસ-દાસ—અલબેલી-

૨૦

શાંન્તસિંહ—લે વ્હાલી હુ તો લઇશ હવે રજા જવાને અંજ્ઞા દેતુ

કિશોરી—વ્હાલાં પ્રાણનાથ સુખે સીધારો
ઝટ જઇ કામ લઈ, આવો અહાઇ
મુખ જોઇ હું તો મોહી પધારો તમે—લે વ્હાલી

સરસ્વતિ— ૨૧

હું પ્રેમ જોગન આવી
પ્યારો પીયુ શોધવા ચાલી
તારા પાછળ બની દીવાની
વ્હાલા જાય છે મારી જુવાનીરે
કેમ ચંદ્ર ચકોરી બાળે—હું•

સરસ્વતિ— ૨૨

ચાલ કાન્તા વેલી, તું તો પતિ પ્યાગે છેડાના
વેલી જઇ, ઘેલી થઇ, પતિને છોડાવું બઇ
કરશું યુકિત કાંઇ એવી ગણુ મરે. વ્હાલો પ્યારો
દુઃખ ટાળવા, ચંદ્ર ભાળવા, જઇએ ઝટ—ચાલ૦

૨૩

વાણીયણ—વા વા કારીગીરીથી વાણીયા બુદ્ધિ વાપરીરે
વાણીયો—નંદના ફંદ કોઇ ન જાણે વિદ્યા આપણીરે
વાણીયણ—ખરો સાણસડે સપડાવ્યો
વાણીયો—કેદી કરી કેવો પકડાવ્યો
વાણિયણ-(અરે વાહરેવાહ વ્હાલા તમેતો બુધ્ધિનાસાગર દેખું જો)
વાણિયો—અરે એ બુધ્ધી વીના રાવણનું રાજ ગયું એ તો
વીના પધાને વાણીયા શાહ સુલતાને જાણીયા
વાણીયણ—(એમકે)
વાણિયો—(એમ નહીંતો કેમ) વા—વા૦

૨૪

મનની રહી મન માંહે ધાર્યું હરી કરે થાય
જતી નથી તું મુખથી મારા ઘડી ઘડી આવે ચંદ
કોઇ આપો પ્રિયાની ભાળ
વાદળી કહે વાત જોઇ વાટ ઘાટ—મનની૦
પશુ પંખીઓ શબ્દ આ માગ
જઇ કહો એને કાન, જઇ દઇ લાવો તેને માન,
નથી રહ્યું ભાન, ખરી દીલજાન—મનની૦

સરસ્વતિ— ૨૫

જોને સખી કયાં ચંદ્ર છુપાયોરે
કોને વ્હાલા કયાં તમો દબાયારે
ખડીરે જોગન તુજને સંભારે
વાદળી વ્હાલી પગે હું પડું
છોડતું ચંદ્ર ને દુઃખે હું રહું—જોને૦

અંક ત્રીજો.

માછીઓ— ૨૬

આમે બી દારૂ પીશું અમે બી દારૂ પીશું
આજે હોશ લઇ શું અમે બી હોશ લઇશું
મણ પદાનું તાડીનું તાડીનું ગડાયું મોઢે માંડીને, ઝટ પીશું અમે
લાવ, લાવ, લાવ, ગટકાઉં (૩)
સુરત શહેર તારી બલીહારી મોઝો કરશું મનમાની
(લાવ લાવ લાવ દારૂ અરે અંતરનું અંતરનું અજવાળું
જા જા તારૂં મોઢું કાળું જા જા તારૂં મોઢું કાળું) અરે૦

પ્રેમજી— ૨૭

કોઇ દાડો સુરત શેર જઇશું
સઉથી મોટેરા શેઠીઆ થઇશું
મોટરમાં ચઢી ફરવા જઇશું૦
હવાડાના લઇ મમરા ખાઇશું
સઉથી હળીમળી રહીશું—કોઇ૦
ચામડા વેચી રૂપીઆ લઇશું
શેઠ રાણીના બાગની કરીશું
ઘોડા ગાડી ચઢી શેરમાં ફરીશું
નવી નવી મોજ મારી—કે.કે૦

સર્વેજણ— ૨૮

વાલીડા ચઢજો વારે રે બળવંત બેલી
ફાંસે બંધન ક્યારેરે બળવંત બેલી
વાલાજી મારા નથી આ વેળા કોઇ મારૂં
છે શરણું એક તમારૂં રે—બળવંત૦
વાલાજી મારા વડાઇ આપની વિચારો
અપરાધ ન જોશો મારોરે—બળવંત૦
વાલાજી મારા તમે છો દીનકેરા બન્ધુ
શામળીયા ગુણનાં સીંધુ રે—બળવંત૦
શરણાગત કેરી સંભાળ સ્વામિ છો લેનારા
દાસનાજ હૃદયે રહેનારારે—બળવંત૦

ચંદ્રસિંહ— ૨૯

વ્હાલી મારી પ્યારી ક્યાં સરી ગઈ
ક્યાં હું સોધું જોઇ જોઇ થાકુ
હવે ક્યાં જાઉં વ્હાલી ક્યાં ફરી—વ્હાલી૦
દીલ મુજ મોહ્યું જીવ કાઢી આપું
તને ક્યાં મળું પરસ્તાનની પરી—વ્હાલી

સરસ્વતિ— ૩૦

લગની મને પતી પ્રેમની રહે સદા
જુવાની હાવાની આ સ્વામિ સાથે
જોગી ભમર વિના મરૂં જાતે
કંથ વિના ઠરૂં ના—લગની૦

સરસ્વતિ— ૩૧

સતી ઝુરે પતી સોધવા
રૂવે નીર ભરી નેણુમાં—સતિ૦
રંક હું નારી સહુ દુઃખ ભારી
પળે પળે પળે પળે હું પીયુ રટતી
હું રમણી એ બાલથી મળવા
ક્યાં ક્યાં ભમું હું ભટકી
મનહરતી પ્રેમ કરતી પતી મુરતી—સતી૦

ચંદ્રસિંહ— ૩૨

મનની રહીં મનમાયે ધાર્યું હરી ખરે થાયે
વીસરી જતી હું મુખથી મ્હાગ ઘડી ઘડી આવે યાદ
કોઈ બતાવો પ્રિયાની ભાળ વાદળી કહેવાત
પડી કોઇ હાથે—મનની રહીં૦
વનચર પંખીં શબ્દો મારા રડો રડી પાડી [illegible]
કોઇ કહે સ્વપ્નની વાત ગીજાવો [illegible]
ભાખ કોઇ વાતે—મનની રહીં૦

ચંપક— ૩૩

પાનું પડયું કયાં તુજથી મારૂં આ

કરણી નહી પરભવની ખરી

ખેમચંદ—અરે જા જા જા દુર થા થા થા—પાનુપડ્યુ૦

કેમ અલી માને નહી ચાખશે મઝા

ચંપક—સતાવે મને લે સજા દઉં આ

ખેમચંદ—મારો મને નહીં ધણી થઇ

રાંડ તારી અકકલ ગઇ—પાનું પડ્યુ ૦

૩૪

હીરાચંદ—હજામત કરી ખાને તું પેગલા

વણીક બુધ્ધિ જાણે તુ શુભલા

પેમલો—કર્મે લખ્યું તે કદી ના ટળે—હજામત૦

દામ ગુમાવ્યુને મરી ગઇ નાર

ઘર ગુમાવીને કર્યો વેપાર

થયો ગમાર હવે લાચાર

કરૂં વિચાર રે લગાર—હજામત૦

સવૈનું— ૩૫

હે સુખ કર દુઃખકર હરહર જયવર

માયા કરી અમપર જય જય જય

હારી તારી બાજી સારી—હે સુખકર

સંગરંગ તું સુધારે ગાતા ગુણે શેષ હારે

કરૂણા પુરણ કરી વિજય વિજય ધ્વની

રમી રહીં મનમાંહી સર્વેને સુખદાઇ

વનમાળી તમે સાહક તુ ધણી

ત્રાતા દાતા સહુ મળીયાં આ--હે સુખકર

સમાપ્ત.

જાહેર ખબર.

અમારી શ્રી સુરત દેશી નાટક કંપનીમાંથી મુજબ નાટકનાં ગાયનોની ચોપડીઓ મળે છે જેમને જોઈએ તેમણે નાટક કંપનીનો મુકામ જ્યાં ત્યાંથી મંગાવી લેવી.

પ્રેમમાં વ્હેમ	૦–૨–૦
પારસ-મણી	૦-૨–૦
લલિત-પ્રભા	૦–૨–૦
ઓખા-હરણ	૦–૨–૦
નુગરો-સાપ	૦–૨–૦
તુલશીદાસ	૦–૨–૦
નવલ-ગંગા	૦–૨–૦
અભિમન્યુ	૦–૨–૦
સરસ્વતિચંદ્ર	૦–૧–૦

શ્રી સુરત દેશી નાટક કંપની.